<u>ફોજદારી કેસ નં.–૪૨૮૫૮/૨૦૧૮</u>
<u>આંક–૧ લગત હુકમ</u>

(૧) કેસનું રેકર્ડ વંચાણે લીધું.
(૨) આરોપી વિરૂધ્ધ ધી જી. પી. એકટની કલમ–૧૩૫(૧) મુજબના ગુનાનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં ફાઈલ કરવામાં આવેલ છે. જેમાં આરોપીને વારંવાર સમન્સ/વોરંટ ઈસ્યુ કરતાં, આરોપીને સમન્સ/વોરંટની બજવણી કરવામાં પોલીસ નિષ્ફળ ગયેલ છે. વધુમાં આ કામે રેકર્ડ તપાસતાં, આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવેલ છે. કેમ કે જામીનદારને પ્રોસેસ બજેલ અંગે કોઈ કાર્યવાહી થઈ શકેલ નથી. આ કામ સમન્સ ટ્રાયેબ્લસ પદ્ધતિથી ચલાવવાનું હોય તેના ઉપર સમન્સ ટ્રાયલની જોગવાઈ લાગુ પડે છે. આ કેસનું સમગ્ર રેકર્ડ જોતાં, કેસ ઘણો જુનો છે તથા આરોપી નજીકના ભવિષ્યમાં મળી આવે તેવી શકયતા નથી. તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટના સરકયુલર નં.ડી.૨૯૧૭/૦૬ તા.૧૭/૧૦/૦૬ ને ધ્યાને લેતાં આ કેસની ઈન્સાફી કાર્યવાહી ચાલું રાખવામાં આવે તો, તેના તાર્કિક અંત સુધી જઈ શકાય તેમ નથી. વધુમાં **પ્રમોદકુમાર લાલબહાદુર વિ.સ્ટેટ ઓફ ગુજરાતનો એ.આઈ.આર. ૨૦૦૨, ૧૮૫૬ નો ચુકાદો** ધ્યાને લેતાં, જે તે કોર્ટ નિર્ણય લઈ શકે કે કયા કેસમાં કલમ: ૨૫૮ મુજબ કાર્યવાહી કરી શકાય. જેથી સદરહું કેસ આગળ ચલાવવો યોગ્ય અને ન્યાયિક જણાતો નહોઈ, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ –:**

આરોપી સામેના પ્રસ્તુત કેસની ઈન્સાફી કાર્યવાહી ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૮ અન્વયે પડતી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ સંબંધે અગાઉ જો કોઈ વચગાળાનો હુકમ કરવામા આવેલ હોય તો તે હુકમ અપીલ સમય બાદ કાયમ કરવાનો હુકમ કરવામા આવે છે અને જો કોઈ હુકમ કરવામા આવેલ ન હોય તો તે અપીલ સમય બાદ સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામા આવે છે.

ક્રિ.પો.કોડની કલમ–૩૦૦ મુજબ આરોપી ભવિષ્યમાં મળી આવેથી સરકારપક્ષે અલગથી ચાર્જશીટ કરી શકશે.

હુકમ આજરોજ સ્પેશ્યલ સીટીંગ / ખુલ્લી અદાલતમાં સહી કરી જાહેર કર્યો.

**તા.૦૯/૦૩/૨૦૨૪** **એડિ.ચીફ મેટ્રોપોલિટન મેજીસ્ટ્રેટ,**
**સ્પે.સીટીંગ,અમદાવાદ.** **કોર્ટ નં.૧૦, અમદાવાદ.**